# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-11-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# PREZ WATER AWARDS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે આજે ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્ય શ્રેણીમાં બીજા ક્રમાંકનો રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કરાયો. નવી દિલ્હીમાં છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2024 અને પ્રથમ જળસંચય જનભાગીદારી પુરસ્કાર એનાયત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જળની ઉપલબ્ધતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા તમામને સાથે મળીને કામ કરવા આગ્રહ કર્યો. તેમણે આબોહવા પરિવર્તન આજના સમયમાં જળચક્રને અસર કરી રહ્યું હોવાનું પણ જણાવ્યું.

(BYTE: DROUPADI MURMU, PRESIDENT OF INDIA)

. . . .

# GUJARAT POLICE MoU

રાજ્ય પોલીસે સ્વદેશી ઍપ્લિકેશન મૅપલ્સ – મૅપ માય ઇન્ડિયા સાથે સમજૂતી કરાર – MoU પર હસ્તાક્ષર કર્યા છે. ટ્રાફિક વ્યવસ્થાપન અને માર્ગ સલામતી માટે રાજ્ય ટ્રાફિક શાખાએ કરાર કર્યા છે.

સત્તાવાર યાદી મુજબ, મૅપલ્સમાં વિશેષ ચિત્ર અપડેટ કરાયા છે. એટલે હવે , નાગરિકોને નૅવિગેશનની સાથે બ્લૅક સ્પૉટ એટલે કે , જોખમી જગ્યા, અકસ્માતના જોખમવાળા સ્થળ, ગતિ મર્યાદા સિવાય સમયબદ્ધ ટ્રાફિક માર્ગદર્શિકા પણ અપડેટ કરાશે. સાથે જ બંધ કરાયેલા માર્ગ , માર્ગના સમારકામને લગતી કામગીરી તથા રેલી જેવી માહિતી આ ઍપ્લિકેશનમાં અપડેટ થશે. તેથી નાગરિકો વૈકલ્પિક માર્ગ પસંદ કરી શકશે. રાજ્ય પોલીસ મૅપ માય ઇન્ડિયાને દૈનિક ધોરણે રિયલટાઈમ એટલે કે, વાસ્તવિક સમયમાં ટ્રાફિક માર્ગદર્શિકા અને ટ્રાફિક સંબંધિત માહિતી પૂરી પાડશે.

. . . . . . . .

# ARVALLI MODASA ACCIDENT

અરવલ્લીના મોડાસામાં ગત મોડી રાત્રે એમ્બુલેન્સમાં આગના બનાવમાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે ત્રણ લોકો ઇજાગ્રસ્ત થયા છે. અરવલ્લીના નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક – DySP આર. ડી. ડાભીએ જણાવ્યું, મોડાસાના રાણા સૈયદ નજીકથી અમદાવાદ જતી એમ્બુલેન્સમાં આ બનાવ બન્યો હતો. મોડાસા નગરપાલિકાના અગ્નિશમન દળે ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી હતી.

(BYTE: R. D. DABHI, DySP, ARVALLI)

. . . . . . . .

# BHAVNAGAR SMC RAID

ભાવનગરમાં સ્ટેટ મૉનિટરિંગ સેલ – SMC-એ કેફી દ્રવ્યની એક હજાર 798 શીશી સાથે ત્રણ લોકોને પકડ્યા છે. જ્યારે ત્રણ લોકો ફરાર હોવાનું જણાયું છે. SMC-એ આંબાવાડી વિસ્તારમાં આવેલા એક ફ્લૅટમાં દરોડા પાડતાં અંદાજે ચાર લાખ 37 હજાર રૂપિયાનો માલસામાન કબજે કરાયો છે. આ સાથે જ છ લોકો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ હોવાનું અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીએ જણાવ્યું.

. . . . . . . . . . . . .

# DWARKA ILLEGAL PERSON

દેવભૂમિ-દ્વારકામાં ગેરકાયદેસર રીતે રહેતા વિદેશી નાગરિકની ધરપકડ કરવામાં આવી છે. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાએ કહ્યું , પકડાયેલો આ વિદેશી નાગરિક ખંભાળિયાના ધરમપુર વિસ્તારમાં રહેતો હતો. બે વર્ષ પહેલા તેના સ્ટુડન્ટ વિઝા પૂરો થયો હોવા છતાં તે ગેરકાયદેસર રીતે ભારતમાં રહેતો હોવાની માહિતી મળતાં પોલીસના સ્પેશિયલ ઑપરેશન ગૃપ – SOG-એ તપાસ હાથ ધરી. એક શાળાનાં સંચાલક આ વિદેશી નાગરિકને મદદ કરતા હોવાનું પણ તપાસમાં ખૂલતા બંને સામે ફૉરેનર્સ ઍક્ટ હેઠળ ગુનો નોંધાયો.

(બાઈટ - જયરાજ સિંહ વાળા, એસ.પી.દ્વારકા)

. . . . . . . . .

# GIR SOMNATH PADYATRA

ગીરસોમનાથમાં યુનિટી માર્ચ અંતર્ગત તાલાળા વિધાનસભા વિસ્તારમાં બીજા તબક્કાની પદયાત્રા યોજાઈ. ગુંદરણથી શરૂ થયેલી આ પદયાત્રાનું સૂરવા-માધુપુર-જાંબુર થઈ આંકોલવાડી ખાતે સમાપન થયું. આ પ્રસંગે સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનને યાદ કરતા પૂર્વ ધારાસભ્ય માધાભાઈ બોરિયાએ કહ્યું, યુનિટી માર્ચનો હેતુ જનજન સુધી રાષ્ટ્રીય એકતાનો ભાવ ઉજાગર કરવાનો છે. . . . . . . . . . . . . .

# SURENDRANAGAR – PADYATRA

સુરેન્દ્રનગરના વઢવાણમાં પણ વિધાનસભા વિસ્તારમાં જિલ્લાકક્ષાની પદયાત્રા યોજાઇ  સ્વામિનારાયણ મંદિર થી શરૂ થઈ નાના કેરાળાના હનુમાન મંદિરે આ પદયાત્રા પૂર્ણ થઈ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, સાંસદ ચંદુભાઈ શિહોરા, સહિતના અધિકારીઓની ઉપસ્થિતમાં આ પદયાત્રાએ હર ઘર સ્વદેશી  – ઘર ઘર સ્વદેશીના સંદેશને મજબૂત બનાવ્યો હતો.

. . . . . . . . . .